# કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી,
આણંદ-૩૮૮૧૧૦

## વિશ્વ ખાદ્ય-દિન ઉજવણી

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજનાં વિધાર્થીઓ દ્વારા તા. ૧૬/૧૦/૨૦૨૨ ના રોજ વર્લ્ડ ફૂડ ડે નિમિતે ફૂડ અવેરનેસ પ્રોગ્રામ, સ્ટાર્ટ-અપ પ્રોત્સાહન, એક્ષ્પર્ટ લેકચર અને એક્ષ્પોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું. પ્રોગ્રામનાં ભાગરૂપે આણંદ શહેરની ખ્યાતનામ શાળાઓના ધોરણ બારમાં ભણતા વિજ્ઞાન પ્રવાહના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને આમંત્રી તેઓને ફૂડ તથા કોલેજ/યુનીવર્સીટીનાં વિવિધ પાસાંઓ વિશેને સુઉપયોગી માહિતી પ્રદાન કરવામાં આવી.

પ્રોગ્રામની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડો. સમીત દત્તા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. તે બાદ શાળા-વિદ્યાર્થીઓને કોલેજ લેડી રીપ્રેસન્ટેટીવ મિસ. પ્રિયા પરમાર દ્વારા ફૂડ અવેરનેસ બાબતે ઓડીઓ-વિસુઅલ્સથી રસપ્રદ માહિતી આપવામાં આવી. શ્રી હર્ષ ઝાલાવાડિયા, બિઝનેસ એક્ઝીક્યુટીવ, એએયુ ઈન્કુબેશન સેન્ટર, આણંદ દ્વારા “સ્ટાર્ટ-અપ સ્કૂલ સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ” અંતર્ગત પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. ત્યારબાદ પ્રોગ્રામનાં મુખ્ય અતિથિ અને એક્ષ્પર્ટ લેકચરર શ્રી નિકુંજ શાહ, ડીરેક્ટર (આર એન્ડ ડી), કલેરિઓન કેસીન લીમીટેડ, અમદાવાદ, દ્વારા “ રીસંટ ટ્રેન્ડસ, ફ્યુચર રીક્વાયરમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોર્શીપ ઓપર્ચ્યુનીટી ઈન ફૂડ પ્રોસેસિંગ સેક્ટર” પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

પ્રોગ્રામનાં અંતે કોલેજના જનરલ સેક્રેટરી મિસ. રવિના શાહ દ્વારા આભારવિધી કરવામાં આવી. અંતે, શાળા-વિદ્યાર્થીઓને ફૂડ ટેસ્ટીંગ લેબોરેટરી અને એક્ષ્પીરીયન્શલ લર્નિંગ યુનિટની એક્ષ્પોઝર વિઝીટ કરાવ્યા બાદ પ્રોગ્રામની પૂર્ણાહુતિ કરવામાં આવી. સદર પ્રોગ્રામનું સંચાલન અને આયોજન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એસ. આર.સી ચેરમેન શ્રી એમ. એ. મકવાણા, નાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.






"WORLD FOOD DAY"
"WORLD FOOD DAY"




SSIP
Startup School Sensitization Program
Under
Student Startup Research and Innovation Festival, Gujarat
Anand Agricultural University, Anand, Gujarat - 388 110


"WORLD FOOD DAY"








Juicer